# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/210 Dt. 12/11/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રોડ સેફટી અવેરનેસ અભિયાન અંતર્ગત પાંડેસરાના ઔદ્યોગિક વિસ્તારમાં કામદારોની જાનની સલામતિ માટે સાયકલો તથા ટેમ્પો મળી ૧૦૦૦ રેટ્રો રિફલેકટર લગાવવામાં આવ્યા

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા માર્ગ સલામતી અંગે જનજાગૃતિ લાવવાના હેતુસર સોમવાર, તા. ૧૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫.૦૦ થી ૭:૩૦ કલાક સુધી પ્રમુખ પાર્ક ઇન્ડસ્ટ્રીયલ સોસાયટી, પાંડેસરા–ભેસ્તાન વચ્ચે, ઉધના–નવસારી મેઈન રોડ, સુરત ખાતે સાયકલ રેટ્રો રિફલેકટર અને ટૂ–વ્હીલર રોડ સેફટી અવેરનેસ અભિયાન હાથ ધરાયું હતું.

ચેમ્બર ઓફ કોમર્સની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના આ ઉપક્રમે રોડ સેફટી અવેરનેસ અભિયાન હાથ ધરાયું છે. આ અભિયાનનો મુખ્ય હેતુ સુરત શહેર અને આસપાસના વિસ્તારોમાં માર્ગ અકસ્માતો અંગે જાગૃતિ ફેલાવવાનો છે. ખાસ કરીને સાયકલચાલકો, ટૂ–વ્હીલર અને ટેમ્પો ચાલકોને રાત્રિના સમયે વાહન પર રેટ્રો રિફલેકટર લગાવવાના મહત્વ વિશે સમજાવવામાં આવ્યા હતા. કામદારોની જાનની સલામતિ માટે તેઓની સાયકલો અને થ્રી વ્હીલ ટેમ્પો મળી ૧૦૦૦ રેટ્રો રિફલેકટર લગાવવામાં આવ્યા હતા, જેથી માર્ગ અકસ્માતોની સંભાવના ઘટે.

ચેમ્બર ઓફ કોમર્સ હંમેશા સામાજિક જવાબદારી હેઠળ વિવિધ જાહેર હિતના ઉપક્રમો હાથ ધરીને સુરતના નાગરિકોમાં જાગૃતિ લાવવાના પ્રયત્નો કરતી રહી છે. જેના ભાગ રૂપે ઔદ્યોગિક વિસ્તારોમાં કામદારોની સાયકલો પર રેટ્રો રિફલેકટર લગાવવામાં આવ્યા હતા. આ અભિયાનમાં ચેમ્બરની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના ચેરપર્સન શ્રીમતી કામિનીબેન ડુમસવાલા તથા સભ્યો જોડાયા હતા. આ અભિયાનમાં સ્થાનિક પોલીસનો પણ સહકાર મળ્યો હતો.